# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

જો કણેકણમાં સદાયે રામ લાગે,
ઝૂંપડી પણ મોટું તીરથધામ લાગે.

એક મનસૂબો અમે રોપી જવાના,
આજ વાવેલું કદી તો કામ લાગે !

જે હથેળીમાં સતત ઘૂંટ્યા કરેલું,
કો' સમે એ પણ તિરસ્કૃત નામ લાગે.

વાંસળી રાધાપણું ત્યારે જ રેલે,
ફૂંક એમાં પૂરનારો શ્યામ લાગે.

મુકેશ દવે.

## પાથેય

- રમેશ ઠક્કર

આપણે ઈશ્વરને આસપાસ શોધીએ છીએ.આ તલાશ જ ખોટી છે.ડાહયા માણસો એવું કહે છે કે ભગવાન કણકણમાં છે.છતાં સહુ? એને દુનિયામાં શોધતા ફરે છે. યાત્રાઓ કરતા રહે છે.ગ્રંથો વાંચતા રહે છે. ધર્મસ્થાનો અને ઉપાસનાઓ થકી એને પામવાનો પ્રયત્ન કરતા રહે છે.કહેવાય છે ને કે 'મનચંગા તો કથરોટમાં ગંગા' .આટલી સરળ વાત સમજવામાં માણસને આયખું ઓછું પડે છે.એ માટે જો કોઈ જવાબદાર પરિબળ હોય તો આત્મવંચના છે.ઈશ્વર દરેક ચીજમાં સમાયેલો હોય. કણ કણમાં ભગવાન અનુભવાતો હોય છે. મન જો સ્થિર હોય તો આપણી ઝૂંપડી પણ તીર્થસ્થાન જેવી લાગતી હોય છે.કથરોટ અને ગંગા આમ તો કોઈ સરખામણીનો મુદ્દો જ ના હોઈ શકે.અહીં કેન્દ્રસ્થાને છે એ વાત માણસના મનની છે.હૃદયના ભાવો કોઈ સ્થળ કે કોઈ પ્રચલિત મહાનતાને ઓળખતા હોતા નથી.એ તો આપણી ભીતર જે શાંતિ અનુભવાતી રહે છે એ મુજબ જ છલકાતા રહે છે.

માણસ કબુલ કરે કે ના કરે એનું પ્રત્યેક કામ એ કોઈને કોઈ હેતુ સાથે થતું હોય છે. કામનો બદલો કે કોઈ પુરસ્કાર ના મળવાનો હોય તો માણસ એને ખોટનો ધંધો કહેતો હોય છે.જગત આવા વ્યવહારો થકી જ ચાલતું રહે છે.માણસ પોતાની ઈચ્છાઓ અને આયોજનો કરતો રહે છે.ભગવદ ગીતામાં કહેવાયું છે કે માણસે ફક્ત પોતાનું કર્મ કરતા રહેવાનું છે. જે ફળ મળે છે?એ ઈશ્વર આધીન હોય છે.કર્મ કરતા રહેવું એ જ આપણી નિયતિ છે.નાનું સરખું કોઈ સ્વપ્ન હશે તો એ ક્યારે કામ આવી જાય કે ફળી જાય એ નક્કી નથી હોતું.સંઘરેલો સાપ પણ કામ લાગે છે તો સપનાઓમાં તો એક જીવંતતા હોય છે.એ ક્યારે માણસનું ભાગ્ય પરિવર્તન કરી નાખે એ નક્કી નથી હોતું.

ગમાઅણગમાનું ગણિત અટપટું છે. ઉંમર વિકસવાની સાથે કે સંબંધોની ગણતરીઓ સાથે એનો સીધો હિસાબ ર હોય છે.આજે જે વ્યક્તિ આપણને ગમતી ના હોય શકય છે કે એની ઉપયોગીતા દેખાતાં એ આપણી મનગમતી વ્યક્તિ બની જાય ! જેની ઉપર આજે ઓળઘોળ હોઈએ એ માણસ? મનગમતું નામ..જે સતત પોતાની હથેળીમાં ઘૂંટતા રહીએ એ એકાદ નાની ભૂલ એકાદ ઠેસ વાગતા જ મોહ.છૂટી જાય છેએ નામ આપણા માટે તિરસ્કૃત બની જાય છે.

શુષ્ક ચીજોમાં પ્રાણ હોતો નથી.જડ અને ચેતનનુ લીલા સમજવા જેવી છે. જગતમાં જે કંઈ જીવંત અનુભવાય છે. એ માણસની લાગણીઓના સંચાર થકી? પ્રગટ થતું રહે છે.વાંસળી એ આમ જોઈએ તો એક જડ ગણાય એવી ચીજ છે.એમાંથી આપોઆપ કોઈ સંગીત પ્રગટ થતું નથી.એમાં ફૂંક મારનારની કલા અને એની તન્મયતા મહત્વના પરિબળો છે. કોઈકના શ્વાસમાં સૂર?? શુષ્ક વાંસળીને ઝંકૃત કરનાર વાદ્ય બનાવે છે.આ જીવંતતા માણસની અંદર રહેલા ચૈતન્યને આભારી છે.કવિ કે સર્જકો આવા વિસમયને થોડાક શબ્દોમાં અંકિત કરી લેતા હોય છે. આપણે સૌ એકસરખું જીવતા રહીએ છીએ. કવિ થોડીક અલગ અનુભૂતિ ધરાવતી વ્યક્તિ હોય છે.

# જિંદગીની રેસમાં ઊંચાઈ ઉપર પહોંચવા ક્યારે અને કેવી છલાંગ મારવી એ ટાઈમીંગ અગત્યનો છે




સમી સાંજના સમયે જાપાનના ઝારા બ્રાન્ડના સ્ટોરમાં એક યુવતી દાખલ થઈ. એણે સ્ટોરના સેલીંગ કાઉન્ટર ઉપર ઊભેલા રૂપકડા નવજવાનને કીધું, 'મારે પીક કલરનો સ્કાર્ફ જોઈએ છે.' શુટેડ બુટેડ ઝારા સેલ્સ બોયે સ્ટોકમાં નજર નાખીને નમ્રતાપૂર્વક આ યુવતીને જવાબ આપ્યો. 'સોરી, મેમ આપ જે ડિમાંડ કરી રહ્યાં છો એ પ્રકારનો અને એ કલરનો સ્કાર્ફ સ્ટોકમાં નથી.' યુવતી સ્ટોરમાંથી કશુ લીધા વગર પાછી ફરી ગઈ. બરાબર એ જ દિવસે ફ્રેન્કફર્ટ, સેનફ્રાન્સીસ્કો, સિંગાપોરના ઝારા સ્ટોરમાં આવા પ્રકારના પીક સ્કાર્ફની ડિમાન્ડ આવી. ઝારા મેનેજમેન્ટ પાસે એ દિવસે પીક કલરનો સ્કાર્ફ ઝારા સ્ટોર્સમાં આઉટ ઓફ સ્ટોક હોવાની વાત આવતાની સાથે ડિઝાઈનર ટીમ અને પ્રોડકશન ટીમ કામે લાગી ગઈ. માત્ર ત્રણ દિવસમાં ઝારાએ પાંચ લાખ પીક સ્કાર્ફ બનાવી એના બધા રીટેઈલ શોપ્સ ઉપર મોકલી આપ્યા. સાત-આઠ દિવસમાં પાંચ લાખ સ્કાર્ફ વેચાઈ પણ ગયા.

એક ગ્રાહક સાથેની જાપાનના સ્ટોરમાં બનેલી નાની અમથી ડિમાન્ડ પ્રતિ ઝારા મેનેજમેન્ટના ક્વિક એપ્રોચનો આ કિસ્સો સમજવા જેવો છે. આજનું વિશ્વ કન્ઝ્યુમર ડિમાન્ડને કેવી અને કેટલી હદે અપનાવીને અમલમાં મૂકે છે એનું આ તાદ્રશ્ય ઉદાહરણ છે. કોઈપણ ક્ષેત્રે નામ બનાવવું હોય તો એની પાછળ ચોક્કસ પગલાં અને દ્રઢ સિદ્ધાંતો જરૂરી છે. ઝારા એક એવી બ્રાન્ડ છે કે, એને ક્યારેય ડિસકાઉંટ ટેક્ટિસ, વિજ્ઞાપનો કે પ્રચારનો સહારો લીધો નથી. આજે વિશ્વનાં ૯૬થી વધારે દેશોમાં ઝારાના ૨૨૫૦થી વધુ રીટેઈલ સ્ટોર્સ છે. અબજો રૂપિયામાં આળોટતી ઝારા કંપની ગ્રાહકોની ડિમાન્ડ સમજી એ પ્રમાણે પ્રોડકશન કરી માલ સપ્લાય કરે છે. ઝારા શો રૂમમાં કામ કરતા સેલ્સ પર્સન ગ્રાહકો સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરી ગ્રાહકોની અપેક્ષા અને ડિમાન્ડ સમજવા સદાય પ્રયત્નશીલ રહે છે. ગ્રાહકોની ડિમાંડ સમજી સેલ્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા લોકો પ્રોડકશન ટીમ અને મેનેજમેન્ટને એ જણાવે છે. પ્રોડકશન ટીમ ફાસ્ટ એપ્રોચ રાખી ક્વોલીટી વર્ક સાથે ગ્રાહકોની અપેક્ષા મુજબ પ્રોડકશન કરી સપ્લાય કરે છે.

ઝારાના એક લાખથી વધુ એમ્પ્લોયી માર્કેટ ટ્રેન્ડ ઉપર બાજ નજર રાખે છે. સેલ્સ, પ્રોડકશન, ડિસ્ટ્રીબ્યુશન આ ત્રણ સેકટરના અદભૂત સંકલનના કારણે ઝારા એ છેલ્લા બે દાયકાથી ખોટનું મ્હોં નથી જોયું. જગતમાં સૌથી ફાસ્ટ ફેશન ટ્રેન્ડ ડેવલપરનો શ્રેય ઝારાને શીરે વર્ષોથી શોભે છે. ઝારાનો માર્કેટમાં આ દબદબો કંઈ રાતો રાત નથી ઊભો થયો. ઝારા વિશ્વમાં બ્રાન્ડ ઝારા બની એની પાછળ એક ગરીબ અને ફેશનની દુનિયાનું બિલકુલ જ્ઞાન ન ધરાવતા બાળકની રૂંવાડા ખડા કરી નાખે એવી દિલચશ્પ કહાની છે.



સને ઓગણીસો છત્રીસની અઠ્યાવીસમી માર્ચે સ્પેનના નાનકડા ગામમાં આર્ટેગા પરિવારમાં એક બાળકનો જન્મ થયો. માતા પિતાએ એનું નામ એમએનસીયો રાખ્યું. એમએનસીયોના પિતાની કંઈ ખાસ કમાણી ન હતી. એની માતા આસપાસના ઘરોમાં કામ કરી થોડું ઘણું કમાઈ લાવતી. એમએનસીયો સહિત ચાર બાળકોનું જેમ તેમ કરીને ભરણપોષણ થતું. એક સાંધે ત્યાર તેર તૂટે એવી સ્થિતિમાં આ પરિવાર જીવતું હતું. એક દિવસ બપોરના સમયે એમએનસીયોની માતા કરિયાણાની દુકાને સીધુ સામાન લેવા ગઈ. ત્યારે દુકાનદારે એને ઉધાર આપવાની ના પાડી અને ધુતકારી કાઢી.

આ ઘટના બાળક એમએનસીયાએ જોઈ. નાનકડા બાળકને દિલમાં બહું મોટી ચોટ લાગી. એણે એ દિવસે મનોમન ગાંઠ વાળી દીધી કે હું આજથી જ કામ કરીને મારા પરિવારની ગરીબી દૂર કરવાનો પ્રયાસ કરીશ.

બાળ એમએનસીયાએ ભણવાનું છોડી દીધું. એણે એક શર્ટ બનાવતી નાની એવી ફર્મમાં કામ કરવાની શરૂઆત કરી. પહેલા તો એને તૈયાર થયેલા કપડાની ડિલિવરી કરવાનું કામ સોંપવામાં આવ્યું. થોડા દિવસોમાં એણે સિલાઈ મશીન ચલાવવાનું શીખી લીધું. એની મહેનત અને લગન રંગ લાવી. ગણતરીના મહિનાઓમાં જ યુવાન એમએનસીયોને આ શો રૂમનો સિનિયર મેનેજરની પદવી આપવામાં આવી.

આ યુવાન એની ધગશ અને મહેનતથી લોકોએ ફેંકી દીધેલા કપડાંને પણ ક્રિએટીવ ટચ આપી શાનદાર બનાવી દેતો. ધીમે ધીમે રીટેઈલ શો-રૂમ્સમાં એમએનસીયોના ક્રિએટીવ ટચની ડિમાન્ડ વધવા લાગી. એણે મહિલાઓની એક ટીમ બનાવી, સહકારી સમિતિની રચના કરી. લોકોના આર્ડર દિનપ્રતિદિન વધવા માંડ્યા. એની ટીમ એ વિસ્તારતો ગયો. એક દિવસ એવો આવ્યો કે, એમએનસીયોએ એના ભાઈ-બહેનનોને સાથે લઈને એક પ્રોકડશન હાઉસ ઊભું કર્યું. પરંતુ શરૂઆતમાં એણે પોતાના નામ વગર બીજી કંપનીના સબ કોન્ટ્રાકટર તરીકે કામ કર્યું. અનુભવ થતા એમએનસીયો થોડો પરિપક્વ બન્યો અને વર્ષ ૧૯૭૫માં પહેલો રીટેઈલ શો રૂમ શરૂ કર્યો.

આ શો રૂમનું નામ રાખ્યું 'ઝોરબા', આ નામ રાખવા પાછળની પણ મજેદાર વાત છે. એ સમયે ઝોરબા નામની એક ફિલ્મ રિલીઝ થયેલી. આ ફિલ્મ ખૂબ ચાલી હતી. એમએનસીયો અને તેની પત્નીને આ ફિલ્મ બહુ ગમેલી. એટલે એમણે શો રૂમનું નામ એ ફિલ્મ ઉપરથી રાખેલું. થોડા સમય બાદ એમના ધ્યાન ઉપર આવ્યું એ વિસ્તારમાં ઝોરબા નામનો એક બાર પણ છે. એટલે આ દંપતીએ વિચાર કર્યો કે એમના શોરૂમનં નામ 'ઝોરબા' ઉપરથી 'ઝારા' કરીએ. અહીંથી એમએનસીયોની મહેનત રંગ લાવી. ધીમે ધીમે આખા સ્પેનમાં 'ઝારા'ના શોરૂમ ખૂલતા ગયા. અને આખા વિશ્વમાં 'ઝારા'ના સિક્કા પડવા લાગ્યા.

વિચારવા જેવી વાત એ છે કે જે વ્યકિતને ફેશન ઈન્ડસ્ટ્રી અને પ્રોડકશનો કક્કો નહોતો આવડતો, ભણતર અધવચ્ચે મૂકી દીધું હતું, ગરીબી મ્હોં ફાડીને એનો પીછો છોડતી ન હતી છતાં પણ એણે અબજો રૂપિયાની કંપની કેવી રીતે ઊભી કરી ? આ પ્રશ્ન ઉપર વિશ્વ મેનેજમેંટ ગુરુઓ એમના વિદ્યાર્થીઓને કેસ સ્ટડી બનાવી જ્ઞાન પીરસે છે. સીધી વાત એ છે કે, એમએનસીયો જેવી દ્રઢતા સાથે મહેનત કરવાની, કામ શિખવાની લગન તથા માર્કેટ ટ્રેન્ડની ઉપર ચાંપતી નજર એક દિવસ રંગ લાવે જ લાવે. માતાના અપમાનના કડવા ઘૂંટડા ગળીને એણે અબજોનું એમ્પાયર ખડું કરવાની દિશામાં મક્કમ ડગલાં માંડ્યા. એમએનસીયો ઓર્ટેગા જેવા લોકો મનમાં નક્કી કરીને જિંદગીની રેસમાં ઊંચાઈ ઉપર પહોંચવા છલાંગ મારતા હોય છે. પણ યાદ રહે કે, ક્યારે અને કેવી છલાંગ મારવી એનું ટાઈમીંગ અત્યંત મહત્વની બાબત હોય છે.

**ધબકાર :**

ગુણવત્તાયુક્ત કાર્યનો અર્થ એ છે કે, જ્યારે કોઈની પણ નજર ન હોય છતાં ઉત્કૃષ્ટ કાર્ય કરવામાં આવે.

- હેનરી ફોર્ડ

# હાંફી જતો રવિવાર પણ નિરાંત માટે બીજો રવિવાર શોધવા માંડે એ હદે આપણે રવિવારને લાદી દઈએ છીએ




ચાલો આજે રવિવાર છે તો જિંદગી જીવી લઈએ !!

સંતાનો કહે છે : "પપ્પા તમે અમારી જોડે લુડો રમશો ? પપ્પા કહે છે : "બેટા રવિવાર આવવા દો રવિવારે રમીશ... મમ્મી કહે છે : "બેટા બે ઘડી સાથે બેસીને પરિવારની વાત તો કર!" બેટો કહે છે : "રવિવાર આવવા દો રવિવારે કરીશ."

પપ્પા કહે છે : "મંદિર જવું છે. ક્યારે લઈ જઈશ..." પુત્ર કહે છે : "રવિવાર આવવા દો, રવિવારે જઈશું.''

પત્ની કહે છે : "બે ઘડી નિરાંતે બેસીને મારી સાથે પ્રેમભરી વાતો તો કર..! પતિ કહે છે : "રવિવારે નિરાંતે કરીશું..''

સવારે જોગિંગ પર જવું છે. તો રવિવારે જઈશ.

મિત્રો સાથે વાતો કરીને હળવા થવું છે, રવિવાર આવવા દો.

અરે રૂબરૂ મળીને નહીં ફોન ઉપર વાતો કરીને હળવા થવું છે તો પણ રવિવાર આવવા દો..

સ્કૂલ કોલેજમાં હતા અને ગિટાર શીખવાનો, સ્વિમિંગ શીખવાનો શોખ હતો ત્યારે આર્થિક પરિસ્થિતિને જોતા વિચાર્યું કે પિતાજીને બોજ ના આપતા જ્યારે આપણે કમાતા થઈશું ત્યારે આ બધા મોજ-શોખ પૂરા કરીશું.

આજે ગિટાર શીખવું હોય તો વિચારીએ છીએ કે રવિવાર આવવા દોપ.

સ્વિમિંગ શીખવું હોય તો વિચારીએ છીએ કે રવિવાર આવવા દોપપ

ચલો આ તો બધી વાતો ઠીક છે પરંતુ દાંતનો દુખાવો થઈ રહ્યો છે, ડેન્ટિસ્ટ જોડે એપોઈન્ટમેન્ટ લેવી છે તો પણ પ્રયત્ન એવો કરીએ કે રવિવારે કયા ડોક્ટર ખુલ્લા છે ? ત્યારે જઈશું.

રવિવારપ.રવિવારપ.રવિવાર

સામાન્ય રીતે મધ્યમવર્ગીય એકલો કમાતો પુરુષ અથવા તો પુરુષ અને સ્ત્રી બંને, પોતાની પ્રાથમિકતાને બાજુ પર રાખીને પરિવારની જ પ્રાથમિકતા પર જ વધુ ધ્યાન આપતા હોય છે. પોતાની માટે કરવા જેવા કામ હંમેશા પાછળ રાખે એટલે સમજો ને રવિવાર આવવા દો..રવિવારે સમય મળે તો અમારી માટે કામ કરીશું. અને આખરે પેલો રવિવાર આવી જાય. મહિનાના ચાર રવિવારમાંથી એક રવિવારે કોઈ સામાજિક પ્રસંગ આવી જાય. એકાદ રવિવારે ડી માર્ટ જેવા કોઈ મોલમાંથી અત્યંત ભીડભરી ઘરાકીમાં કરિયાણું લેવા જવાનું થાય. (કારણ કે ત્યાં આવેલા બધા જ રવિવાર આવવાની રાહ જોતા હોય ને !!! ) એકાદ રવિવારે અચાનક ઓફિસનું કોઈ કામ આવી જાય. તમે ઘરે બેઠા છો તો પણ અડધો દિવસ કમ્પ્યુટરમાં ઓફિસના કામે લાગી જવું પડે.

હવે કંઈ ૧૦થી ૬ની નોકરી થોડી રહી છે ? હવે ૨૪ કલાક કામ કરવાની એકાઉન્ટેબિલિટી માંગવામાં આવે છે. એમાંય વળી જો કોઈ સામાજિક સંસ્થા સાથે જોડાયેલા હોવ તો તેનું વળી કોઈ કામ હોય. પરિવારમાં સાસરી પક્ષે, કે કાકા-મામા-બાપા કોઈ બીમાર હોય તો ખબર અંતર કાઢવા જવાનું થાય. અને રવિવાર ક્યાં આવીને જતો રહે તેની ખબર ન પડે. જે જોગિંગમાં જવાનો રવિવાર નક્કી કર્યો હોય ત્યારે વિચાર આવે કે આજે નિરાંતે સુઈ જવું. આજે પણ શું કામ વહેલા ઉઠવું ? પહેલાં જે ગિટાર ક્લાસીસ માટે તપાસ કરવાની હોય ત્યારે વિચાર આવે કે ગિટારમાં તાર ઉપર આંગળીઓ ફેરવશું એમાં આ જીવનના તાર સરખા વગાડી શકાશે નહીં. જીમખાનામાં કે કોઈ ક્લબમાં જઈને સ્વિમિંગ શીખવા માટેનો વિચાર કર્યો હોય ત્યાં વિચાર આવે કે જીવનના દરિયામાં લબુક ઝબુક કરી લઈએ તોય બહુ છે ત્યાં વળી આ તરવા ક્યા જવું !

૨૦ વર્ષની ઉંમરે વિચાર આવે કે પોતે કમાતા થઈશું ત્યારે સરખું જીવી લઈશું. ૩૦ વર્ષની ઉંમરે વિચારીએ કે કમાવાનું થોડું ભેગું થતું જાય.. પછી સરખું જીવી લઈશું. ૪૦ વર્ષની ઉંમર વિચાર આવે કે હવે મારું જીવન મારું રહ્યું છે ખરું ! ઢળતી ઉંમરના માતા-પિતાને સાચવવાના છે. બાળકો મોટા થઈ રહ્યા છે. એમના શિક્ષણ અને સર્વાંગીણ વિકાસમાં એમને આગળ કરવાના છે. આથી આપણી જ પ્રાયોરિટી બદલાઈ જાય છે. અગાઉ કહ્યું તેમ આપણા કહેવાતા જીવન જીવવા માટે આપણા હૃદયને મારતા જવાનું. અને એટલા માટે જ ૪૦ની ઉંમર પછી જ એ મારતા જતા હૃદયમાં કોલેસ્ટ્રોલના પ્રશ્નો ઊભા થાય. જે બીપી આપણી આગલી પેઢીમાં ૫૫-૬૦ વર્ષની ઉંમર પછી આવતું હતું તે હવે ૩૦-૪૦ વર્ષની ઉંમરમાં આવવા માંડ્યું છે. લિપિડ પ્રોફાઈલ કરાવતા થઈ ગયા. કારણ કે આપણે માત્ર રવિવારે જીવતા થઈ ગયા.

સોમ થી શનિ તો આપણે માત્ર જીવવાનો શિષ્ટાચાર પૂરો કરીએ છીએ. રવિવાર આવે ત્યારે પેટીમાં સંતાડી રાખેલી આપણી ઈચ્છાઓને બહાર કાઢીને માણવાની મથામણ કરીએ. રવિવાર હોય બિચારો એક, અને આપણી ઈચ્છાઓ અનેક. એક રવિવારના દિવસમાં કેટલું બધું કરી નાખવાનું !!!! દોસ્તારો સાથે ક્રિકેટ પણ રમી નાખવાનું, ગિટાર પણ શીખી લેવાનું, સ્વિમિંગ પણ શીખી લેવાનું, મમ્મી સાથે બે ઘડી પરિવારની વાતો પણ કરી લેવાની, પપ્પાને મંદિરે પણ લઈ જવાના,, બાળકો સાથે લુડો પણ રમી લેવાનું. કરિયાણું પણ ખરીદી આવવાનું. અને એટલે જ આટલા બધામાંથી ઘણું બધું રહી જાય. અને આપણે કે જે આપણા લોકો માટે જીવીએ છીએ તેવું માનતા હોઈએ છીએ તેવા આપણાઓને જ આપણે સંતોષી શકતા નથી.

ના..ના.. માન્યું કે આજનો સમય ઝડપનો સમય છે હરીફાઈનો યુગ છે. પહેલાંની જેવી નિરાંતથી નોકરી ધંધા થઈ શકતા નથી. કો'ક તમારી જગ્યા પર ટાપીને જ બેઠું છે. તમે જરાક ઉણા ઉતરો એટલે ખલાસ!! એટલા માટે નોકરીના સ્થળ પર કે ધંધામાં કામ કરવાનો ભાર તો રહેવાનો જ.

પણ આ બધાની વચ્ચે ઉપર જણાવેલી બાબતોને ક્યાંક ક્યાંક સાંકળી શકીએ તો પેલો રવિવાર બિચારો ગુંગળાઈ નહીં જાય. ટાર્ગેટ પૂરા કરવા માટે કે પોતાને સાબિત કરવા માટે આગળ દોડતા રહેવું જરૂરી છે. પણ ટાર્ગેટ પૂરા કરવામાં જીવન જીવવાનું ભુલાઈ જાય એ તો કેમ ચાલે !

એક સમય હતો જ્યારે આપણા વડીલો કોઈને કોઈ સામાજિક સંસ્થામાં કે જ્ઞાતિના મેળાવડાઓમાં સક્રિયપણે જોડાયેલા રહેતા હતા. સાહિત્ય વર્તુળોમાં સક્રિયપણે જોડાયેલા રહેતા હતા. અને તેના કારણે જ તેમનું સામાજિક વર્તુળ, લોકો સાથેનો તેમનો મેળ, તેમના સંબંધો-વ્યવહારો ખૂબ સુંદર રહેતા હતા. રક્તસંબંધોની સાથે આત્મીય સંબંધો પણ તેઓ આ કારણે જ કેળવી શક્યા હતા. જ્યારે આજે તો આ ભાગાદોડવાળા જીવનમાં પેલા ગુંગળાયેલા એકમાત્ર રવિવારમાં આપણે સામાજિક જીવન કે સાહિત્યિક જીવન જીવી શકીએ કે માણી શકીએ તેનો તો વિચાર જ કઈ રીતે કરી શકાય....!!!

આ રવિવારે તો કંઈ બિચારાએ ગધેડી પકડી છે, કે એ જ દિવસને આપણે આટલો ભારેખમ બનાવી દીધો છે. શું આપણે આપણા જીવનનું સમયપત્રક એવું ન ગોઠવી શકીએ કે રોજ આપણે આપણા માટે જીવીએ. માન્યું કે અઘરું છે. આ સમય પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતાં લોકો હોય કે સરકારી કર્મચારી હોય દરેક માટે હાડમારીવાળો જ છે. આજે નિષ્ઠાથી કામ કરવાવાળો વધુને વધુ પીસાતો જાય છે. કામચોરી કરીને કામથી ભાગવાવાળા લોકોને કોઈ વધુ ભાર આપતું પણ નથી. એટલે જે કામ કરે એ દંડાય એ ન્યાયે ચૂપચાપ કામ કરનાર લોકો માટે બીજાના ન કરેલા કામોને પણ પોતાનું સમજીને કરનાર નિષ્ઠાવાન કર્મચારીઓ છે. આ બધાની વચ્ચેથી પણ પોતાની માટે જીવી લેવું પડશે. આપણે મધ્યમવર્ગીય છીએ. એટલે કેટલાક ટાસ્ક તો આપણે બીજા બધા કરતા વધુ આવવાના જ. તેમાં મીનમેખ નથી. પરંતુ આ બધાને મેનેજ કરીને માત્ર રવિવારે જ નહીં પણ બીજા છ એ છ દિવસ પણ જિંદગી જીવવાની, પોતાને ગમતું કામ કરવાનું, પોતાના બાળકો સાથે ઉત્તમ સમય વ્યતીત કરવાનું ન ભૂલી જઈએ !

ક્યાંક એવું ના બને કે આપણે હરખભેર જે રવિવારની રાહ જોતા હોઈએ છીએ એ રવિવાર પણ બિચારો બીજો રવિવાર શોધતો હોય. ક્યાંક રવિવાર પણ નિરાંત લેવા માટે બીજો રવિવાર શોધવા માટે ના માંડે !!!

આપણા કાર્ય પ્રત્યે આપણે વધુ સંવેદનશીલ રહીને કાર્ય કરીએ છીએ કારણ કે તેનાથી આપણું ગુજરાન ચાલી રહ્યું છે. પરંતુ આપણે આપણા જે આત્મીઓનું ગુજરાન ચલાવી રહ્યા છીએ, તેમના પ્રત્યે અને સ્વયં આપણી જાત પ્રત્યે નિષ્ઠાવાન અને સંવેદનશીલ કેમ નથી બનતા !! કારણ કે આપણી જાત હોય કે આપણા આત્મીય હોય તેઓ આપણા દરેક વર્તનને ચલાવી લેશે. પરંતુ ત્રાહિત એવા ઓફિસના કે કાર્યાલયના આપણા ઉપરી કે સહકાર્યકર આપણને ચલાવી નહીં લે. માટે આપણે આપણાને જ દુ:ખી કરીને આપણે સ્વયમને જ દુ:ખી કરીને એવું માનીએ છીએ કે આ બધું તો આપણે તેમના સુખ માટે જ કરીએ છીએ. આ એવું વિષચક્ર છે કે જેની બહાર આવવું ખૂબ કઠિન છે. માન્યું કે કઠિન છે, પરંતુ આપણે વિશિષ્ટ શક્તિ સાથે જન્મેલા મધ્યમવર્ગીય છીએ. આપણે આ બધાની વચ્ચે માર્ગ કરીને પણ જીવી પણ લેવાનું છે. અને આપણા આત્મીયોને જીવાડી પણ લેવાના છે.

ચોક્કસ થઈ શકે. સમયને ગોઠવવાની આવડત શીખી લઈએ તો ચોક્કસ આપણે રવિવાર વગર પણ મિત્રોને મળી શકીએ રવિવાર સિવાય બાળકો સાથે રમી પણ શકીએ. રવિવાર સિવાય આનંદ પ્રમોદ થઈ જ શકે. મા-બાપ સાથે રવિવાર સિવાય પણ નિરાંતે બેસી શકાશે. બસ સોમથી શનિને પણ આ છ દિવસમાં એક જ રવિવારે કરવાના કાર્યોને વહેંચી દઈએ. પછી જુઓ રવિવાર કેવો હળવો ફૂલ બની જાય છે.

આ બિચારા રવિવારને બીજો રવિવાર શોધવા ન જવો પડે એ ધ્યાન રાખવું પડશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# વોટ્સએપ : એક સારી સુવિધાનો સાચી દિશામાં ઉપયોગ કરવાની જાગૃતતા આપણે કયારે કેળવીશું ?




વ્યક્તિગત અને સામૂહિક કોમ્યુનિકેશનના અનેક હાથવગા માધ્યમો પૈકીનું એક, અને એ પણ વિનામૂલ્યે પ્રાપ્ત થયેલું માધ્યમ વોટ્સએપ મોબાઈલ એપ છે.

વ્યક્તિગત ઓડિયો - વીડિયો પરસ્પર મોકલવા માટે તેનો ઉપયોગ સહુ પોતાની જરૂરિયાત મુજબ કરે છે, જેના કારણે કામ ઝડપી - સરળ અને સુવિધાપૂર્ણ બને છે. એ પછી જરૂરિયાત મુજબ લોકો - એમાંયે સમાન રસ-રૂચિ કે શ્રદ્ધા ધરાવનારા લોકો એક ગૃપ બનાવે છે અને એડમીને જે મુજબ એમાં વ્યવસ્થા કરી હોય તદઅનુસાર એ ગ્રુપનો સહુ ઉપયોગ કરે છે.

હમણાં આવા એક ગ્રુપના એડમીન જ એમાંથી નીકળી ગયા. એ ગ્રુપ જાયરે તેઓએ શરુ કર્યું ત્યારે ભારતીય પ્રાચીન મૂલ્યો - સભ્યતા - સંસ્કૃતિ અને એમાં પણ એક ચોક્કસ ક્ષેત્રમાં રસ હોય એવા લોકોને જોડ્યા હતા. એમનો હેતુ એક જ હતો કે સમાન ક્ષેત્રના લોકો એ વિષયમાં દેશ-દુનિયાની જાણકારીથી જોડાયેલા રહે અને પોતાના વિચારો પણ મુકી શકે.

સમય જતા આપણી પરંપરા મુજબ એવું થયું કે કશું સર્જનાત્મક એમાં આવવાને બદલે માત્ર અને માત્ર ફોરવર્ડીયા મેસેજ, જે મેની ટાઈપ ફોવવર્ડેડ હોય તે શરુ થયા વિષય સિવાયના મેસેજ વધુ આવવા માંડ્યા. એડમિને અનેકવાર આ બાબતે ધ્યાન દોર્યું પરંતુ જોયા - જાણ્યા કે વિચાર્યા વિના માત્ર ફોરવર્ડ કરનારાનું ધ્યાન એમાં શા માટે જાય ? અને જાય તો પણ એ તો એમના મનના રાજ્જા... એટલે આખરે એડમિને જ ગ્રુપ છોડી દીધું.

આ પહેલા પણ આ કોલમમાં આ વિશે લખ્યું છે કે 'હવે ખમૈયા કરો....' એક સારું માધ્યમ વિના મૂલ્યે પ્રાપ્ત થયું છે તો એનો સ્વ વિવેક સાથે ઉપયોગ કરો.

લોકો પોતાને જેમાં શ્રદ્ધા હોય કે ના હોય, વિચાર્યા વિના આજ કે દર્શન કરીને દેવી - દેવતાઓની તસવીરો ગ્રુપમાં કે વ્યક્તિગત રીતે મુકી દે છે, મહાપુરુષોની તસવીરો સાથે એમના જ વાક્યો છે કે નહીં તે તપાસ કર્યા વિના મૂકી દે છે.

પરમાત્માના દિવ્ય સ્વરુપની તસવીરો ડીલીટ કરવાના પાપમાં શા માટે બીજાને ભાગીદાર બનાવો છો? તમારી શ્રદ્ધા તમારા પૂરતી રાખોને ભાઈ... રાજકીય, મીડિયા, એન્ટરટેઈનમેન્ટ, સ્પોર્ટસ, ધર્મ, અધ્યાત્મ, યોગ, પ્રાણાયામ એમ અનેક ક્ષેત્રની અણમોલ માહિતી અઢળક સ્વરુપે સોશ્યિલ મીડિયામાં છે જ, જેને રસ હશે તે મેળવી લેશે... તમે શા માટે ફોરવર્ડ કર્યા જ કરો છો? જે હેતુ માટે એક ગ્રુપ રચાયું છે એ ગ્રુપ સિવાયના સમાચારો બસ માત્રને માત્ર ટાઈમ પાસ કરવા ફોરવર્ડ કરવાના ? જ્ઞાન તમારા પૂરતું રાખોને !! વર્ષો પહેલાં સમાચારો પણ આજના હોય એમ લોકો ફોરવર્ડ કર્યા જ કરે છે. કારણ કે જળમાં ડૂબકી મારીને સત્ય નથી ચકાસવી, માત્ર છબછબીયા કરીને બીજાને છાંટા ઉડાડવા છે.

મોટા ભાગે શરમના માર્યા આવા ગ્રુપમાં રહેવું પડે છે અને રોજના ૫૦-૧૦૦ મેસેજ ડીલીટ કરવા પડે છે. એક સારી સુવિધાનો સાચી દિશામાં ઉપયોગ કરવાની જાગૃતતા આપણે કયારે કેળવીશું ? આ લખનાર સહિત બધાએ આ દિશામાં જાગૃત થવાની જરૂર છે, અધુરિયાના બનીએ, ઉતાવલીયા ના બનીએ, ગામ આખામાં જ્ઞાન પ્રસરાવવાનો કે એમને મોટીવેશનલ સૂત્રો આપીને સુધારવાનો પ્રયત્ન કરવાના બદલે આપણે જાતે થોડા સુધરવાની કોશિશ કરીએ ત્યારે સમજદારીના અજવાળા ફેલાશે.